પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૨૨ | ૪ ફેબ્રુઆરી, ૨૦૨૨, શુક્રવાર; મહા સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ભારત કોઈપણ પડકાર ઝીલવા સમર્થ

**ચીન-પાક. સંદર્ભે ભારત ભવિષ્યના સંઘર્ષની ઝલક જોઈ રહ્યું છે : નરવણે : ભારતીય આર્મી ચીફ જનરલનો રાષ્ટ્રીય સુરક્ષાના પડકારો પર ખુલાસો : ચીન-પાક.નું નામ લીધા વિના, સેના પ્રમુખે કહ્યું કે પરમાણુ સક્ષમ પડોશીઓ સાથે સરહદ વિવાદોએ સુરક્ષા ઉપકરણ-સંસાધનોની સામે પડકારો વધાર્યા**

નવી દિલ્હી, તા.૩

આર્મી ચીફ જનરલ એમએમ નરવણેએ ગુરુવારે ચીન અને પાકિસ્તાન દ્વારા ઉભા કરવામાં આવેલા રાષ્ટ્રીય સુરક્ષા પડકારો પર મોટી વાત કરી. આર્મી ચીફે કહ્યું કે ભારત હજુ પણ ભવિષ્યના સંઘર્ષની કેટલીક ઝલક જોઈ રહ્યું છે. અમારા વિરોધીઓ તેમના વ્યૂહાત્મક લક્ષ્યોને હાંસલ કરવા માટે સતત પ્રયત્નશીલ રહેશે.

એક ઓનલાઈન સેમિનારને સંબોધતા જનરલ નરવણેએ કહ્યું કે ભારત વિવિધ, મુશ્કેલ અને બહુ-સ્તરીય સુરક્ષા પડકારોનો સામનો કરી રહ્યું છે. એમએમ નરવણેએ તેમના સંબોધનમાં કહ્યું કે ઉત્તરીય સરહદ પરના વિકાસ એ સંપૂર્ણ રીતે તૈયાર અને સક્ષમ દળોની જરૂરિયાતને રેખાંકિત કરી છે. ચીન અને પાકિસ્તાનનું નામ લીધા વિના, સેના પ્રમુખે કહ્યું કે પરમાણુ સક્ષમ પડોશીઓ સાથે સરહદ વિવાદો તેમજ રાજ્ય દ્વારા પ્રાયોજિત પ્રોક્સી યુદ્ધોએ સુરક્ષા ઉપકરણ અને સંસાધનોની સામે પડકારો વધાર્યા છે.



સેના પ્રમુખે કહ્યું કે અમે હજુ પણ ભવિષ્યના સંઘર્ષની ઝલક જોઈ રહ્યા છીએ. અમે માહિતી, નેટવર્ક અને સાયબર સ્પેસના ક્ષેત્રમાં પણ તેના પુરાવા જોઈ રહ્યા છીએ. વિવાદિત સરહદો પર પણ આ બધું દેખાય છે. આ ઝલકના આધારે આપણે ભવિષ્યની તૈયારી કરવી પડશે. જો તમે આસપાસ જુઓ, તો તમને આજની વાસ્તવિકતાનો અહેસાસ થશે. નરવણેએ જણાવ્યું હતું કે ઉત્તરીય સરહદ પરના નવીનતમ વિકાસ દેશની સાર્વભૌમત્વ અને અખંડિતતાને જાળવી રાખવા માટે આધુનિક તકનીકી ઉપકરણોથી સજ્જ સક્ષમ દળોની જરૂરિયાત પર ભાર મૂકે છે. જૂન ૨૦૨૦માં પૂર્વી લદાખની ગલવાન ખીણમાં થયેલી હિંસક સૈન્ય અથડામણનો ઉલ્લેખ કરતા આર્મી ચીફે કહ્યું, ૨૦૨૦ની ઘટનાઓ સાબિત કરે છે કે દરેક ક્ષેત્રમાં આપણી સુરક્ષા માટે કેવી રીતે ખતરો છે. તે બિન-સંપર્ક અને ગ્રે ઝોન યુદ્ધને ફોકસમાં લાવ્યું છે. ચીનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે કેટલાક દેશો વૈશ્વિક સ્તરે માન્ય માનકો અને નિયમોને પડકારી રહ્યા છે. ભારતીય સેનાના ચીફ જનરલ નરવણેએ સૂચક નિવેદન આપતા કહ્યુ છે કે, પાકિસ્તાન અને

● અનુસંધાન પાન-૭ પર







ગરમા-ગરમી - ઉત્તર પ્રદેશમાં ભલે શીતલહેરની અસર હોય પણ ચૂંટણીની ગરમી આસમાને પહોંચી ગઈ છે... આજે સાંજે મેરઠથી દિલ્હી પરત ફરી રહેલ વિવિદો સર્જતા રાજકીય નેતા ઔવેસીના કાફલા પર ગોળીબારના ચાર રાઉન્ડના આરોપથી યુપીમાં ભારે ઉત્તેજના પ્રસરી હતી... જોકે પોલીસ સૂત્રો ગોળીબારની ઘટનાને સમર્થન આપતા નથી.

## કોરોનાના મોત ઘટાડવામાં લોકડાઉનનો પ્રભાવ નહિવત

**લોકડાઉન અસરકારકતાને લઈને ચર્ચા : ૨૦૨૦માં મહામારીના પ્રારંભિક તબક્કામાં લોકડાઉને કોવિડ-૧૯ના મૃત્યુદરમાં આશરે ૦.૨ ટકાનો ઘટાડો કર્યો**

નવી દિલ્હી, તા.૩

કોરોના વાયરસના સંક્રમણથી થઈ રહેલા મૃત્યુને રોકવામાં લોકડાઉન ખાસ ઉપયોગી નથી બન્યું. તાજેતરના એક અભ્યાસમાં આ અંગેના સંકેત મળ્યા હતા. સંશોધકોના કહેવા પ્રમાણે અમેરિકા અને યુરોપમાં કોવિડ-૧૯ના કારણે થતાં મૃત્યુને ઘટાડવામાં લોકડાઉનનો પ્રભાવ ઓછો કે સાવ નગણ્ય હતો. અભ્યાસ પ્રમાણે લોકડાઉનના કારણે અર્થતંત્ર પર ખરાબ અસર પડી અને સામાજીક સ્તરે પણ નુકસાન પહોંચ્યું.

જોન્સ હોપકિન્સ યુનિવર્સિટી ખાતે અનેક સાયન્ટિફિક સ્ટડીઝની સમીક્ષા કરવામાં આવી હતી. સંશોધકોને જાણવા મળ્યું કે, ૨૦૨૦માં મહામારીના પ્રારંભિક તબક્કામાં લોકડાઉને કોવિડ-૧૯ના મૃત્યુદરમાં આશરે ૦.૨ ટકાનો ઘટાડો કર્યો છે. સંશોધકોએ લખ્યું હતું કે, અમને આ વાતનો કોઈ પુરાવો ન મળ્યો કે લોકડાઉન, શાળાઓ બંધ કરવાની, સરહદો બંધ કરવાની અને લોકોની સીમિત મુલાકાતની કોવિડ-૧૯ મૃત્યુદર પર કોઈ ખાસ અસર પડી હોય.'

રિપોર્ટમાં લખ્યું હતું કે, 'તેણે આર્થિક ગતિવિધિઓ ઘટાડવાનું, બેરોજગારી વધારવાનું, શાળાની ગતિવિધિઓ ઘટાડવાનું, રાજકીય તણાવ વધારવાનું, ઘરેલુ હિંસા વધારવાનું અને ઉદાર લોકશાહી ઘટાડવામાં યોગદાન આપવાનું કામ કર્યું છે.' સંશોધકોની ટીમમાં સ્ટીવ હેંક, જોનસ હર્બી અને લાર્સ જોનંગ સામેલ રહ્યા હતા.

## મંત્રીને મારવા આવેલો એક શખ્સ ઝેર-બ્લેડ સાથે જબ્બે

**સિધ્ધાર્થસિંહ ઉમેદવારી નોંધાવવા જઈ રહ્યા હતા ત્યારે હુમલાકોરને કાર્યકરો અને સુરક્ષાકર્મીઓએ ઝડપી લીધો**

લખનૌ, તા.૩

યુપીમાં કેબિનેટ મંત્રી સિદ્ધાર્થ નાથ સિંહ પર જીવલેણ હુમલાનો પ્રયત્ન થયો છે. હુમલો કરવા માટે આવેલો શખ્સ ઝેર અને બ્લેડ લઈને આવ્યો હતો. હુમલો કરવા માટે આવેલા આરોપીને કાર્યકરો અને સુરક્ષાકર્મીઓએ પકડી લીધો હતો. સિદ્ધાર્થ નાથ સિંહ ઉમેદવારી નોંધાવવા માટે જઈ રહ્યા હતા તે સમયે હુમલાનો પ્રયત્ન થયો હતો. ઉલ્લેખનીય છે કે, ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં મંત્રી સિદ્ધાર્થ નાથ સિંહને ઈલાહાબાદ પશ્ચિમથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. સિદ્ધાર્થ નાથ સિંહ પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીના પૌત્ર છે. તેમણે સંગઠનમાં કાર્યકરથી ઉત્તર પ્રદેશમાં કેબિનેટ મંત્રી સુધીની સફર ખેડી છે. ઉત્તર પ્રદેશમાં કુલ ૪૦૩ બેઠકો છે અને કુલ ૭ તબક્કામાં મતદાન થવાનું છે. તેના અંતર્ગત ૧૦ ફેબ્રુઆરી, ૧૪ ફેબ્રુઆરી, ૨૦ ફેબ્રુઆરી, ૨૩ ફેબ્રુઆરી, ૨૭ ફેબ્રુઆરી, ૩ માર્ચ અને ૭ માર્ચના રોજ મતદાન યોજાશે. જ્યારે ૧૦ માર્ચના રોજ બાકીના રાજ્યો- પંજાબ, મણિપુર, ઉત્તરાખંડ અને ગોવાની સાથે પરિણામ આવશે.

## ગેટની પરીક્ષા સ્થગિત કરવાની માગણી સુપ્રીમ કોર્ટે ફગાવી

**પરીક્ષાને હવે ૨ દિવસનો જ સમય બાકી છે, તેવામાં કોર્ટે પરીક્ષા પર રોક લગાવવાની માગણીનો અસ્વીકાર કર્યો**

નવી દિલ્હી, તા.૩

સુપ્રીમ કોર્ટે ગ્રેજ્યુએટ એપ્ટિટ્યુડ ટેસ્ટ ઈન એન્જિનિયરીંગ (ગેટ) પરીક્ષાને સ્થગિત કરવાની માગણી ફગાવી દીધી છે. સુનાવણી બાદ કોર્ટે જણાવ્યું કે, અંતિમ સમયે પરીક્ષા સ્થગિત કરવાથી અરાજકતાની સ્થિતિ સર્જાઈ શકે છે. પરીક્ષાને હવે ૨ દિવસ એટલે કે, ૪૮ કલાકનો જ સમય બાકી છે. તેવામાં કોર્ટે પરીક્ષા પર રોક લગાવવાની માગણીનો અસ્વીકાર કર્યો છે. કોર્ટના નિર્ણય બાદ હવે નિર્ધારિત શિડ્યુઅલ મુજબ જ પરીક્ષાનું આયોજન થશે. આગામી ૦૫, ૦૬, ૧૨ અને ૧૩ ફેબ્રુઆરીના રોજ ગેટની પરીક્ષા આયોજિત કરવામાં આવશે. પરીક્ષા માટેના એડમિટ કાર્ડ આપી દેવામાં આવ્યા છે. ઉમેદવારો પોતાના એડમિટ કાર્ડનો ઉપયોગ કર્ફ્યુ પાસ તરીકે પણ કરી શકશે. પરીક્ષા માટેના ટ્રાવેલ પાસ પણ જાહેર કરી દેવાયા છે.

ગેટએક ભરતી-સહ-પરીક્ષા છે જે મુખ્યરૂપે કેટલીક સાર્વજનિક ક્ષેત્રની કંપનીઓ દ્વારા પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સીઝમાં એડમિશન અને ભરતી માટે એન્જિનિયરીંગ અને સાયન્સ ગ્રેજ્યુએટ માટે આયોજિત કરવામાં આવે છે. ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન (આઈઆઈટી) ખડગપુર ગેટ ૨૦૨૨ માટે ઓર્ગેનાઈઝિંગ બોડી છે. પરીક્ષા ૨ સ્લોટમાં આયોજિત કરવામાં આવશે. પહેલો સ્લોટ સવારે ૯:૦૦ વાગ્યાથી બપોરના ૧૨:૦૦ વાગ્યા સુધીનો અને બીજો સ્લોટ બપોરે ૨:૩૦ વાગ્યાથી સાંજના ૫:૩૦ વાગ્યા વચ્ચેનો હશે.

## ઓસી.ને હરાવી ભારત અંડર-૧૯ વર્લ્ડકપની ફાઈનલમાં

**ભારતીય ટીમ શનિવારે ઈંગ્લેન્ડ સામે ફાઈનલ મેચ રમશે**



એંટિગ, તા.૩

ભારતીય ક્રિકેટ ટીમની યુવા બ્રિગેડ અંડર-૧૯ વર્લ્ડ કપ ૨૦૨૦ જીતીને ફાઈનલમાં પહોંચી છે. ભારતીય ટીમે કુલીજ ક્રિકેટ ગ્રાઉન્ડમાં ઓસ્ટ્રેલિયાને હરાવીને સતત ચોથી વખત ફાઈનલમાં જગ્યા બનાવી છે. ભારતીય ટીમે પહેલા બેટિંગ પસંદ કરીને ૫ વિકેટ પર ૨૯૦ રન બનાવ્યા હતા. જે પછી બેટિંગ કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાની ટીમ ટકી શકી નહોતી અને વિકેટ ગુમાવતી રહી હતી. આ મેચમાં ભારતીય ટીમનો જુસ્સો સ્પષ્ટ દેખાતો હતો. ઓસ્ટ્રેલિયા તરફથી સૌથી વધારે ૫૧ રન લાલચન શોએ બનાવ્યા હતા, જ્યારે ભારતીય ટીમની બોલિંગ કમાલની રહી હતી, જેમાં વિકી ઓસ્તવોલે ઓસ્ટ્રેલિયાના ત્રણ મોટા ખેલાડીઓને પેવેલિયનનો રસ્તો દેખાડ્યો હતો. કેપ્ટન યશ ધુલે સદી ફટકારીને મોટું યોગદાન આપ્યું હતું, હવે ભારતીય ટીમ શનિવારે ઈંગ્લેન્ડ સામે ફાઈનલ મેચ રમશે.

ભારતની અંડર-૧૯ ટીમના કેપ્ટન યશ ધુલેનીસદી અને વાઈસ કેપ્ટન શેખ રશીદની અર્ધસદીના કારણે બીજી સેમિફાઈનલમાં ૨૯૦ રનનો ટાર્ગેટ આપ્યો હતો. ભારત માટે ધુલે રન આઉટ થતા પહેલા ૧૧૦ રન બનાવ્યા હતા, જ્યારે રશીદે ૯૪ રનની ઈનિંગ્સ રમી હતી. ઓસ્ટ્રેલિયા માટે જેક નિસ્બેટ અને વિલિય સાજલમેને બે-બે વિકેટ લીધી હતી. યુશની કેપ્ટન ઈનિંગ્સ અને ૧૧૦ બેલમાં ૧૦ ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૧૧૦ રન બનાવ્યા હતા.

જ્યારે તેના પહેલા વિરાટ કોહલીએ ૨૦૦૮માં વેસ્ટઈન્ડિઝ સામે સદી ફટકારી હતી, જ્યારે ઉન્મુક્ત ચંદે ૨૦૧૨માં ઓસ્ટ્રેલિયા સામે વિકેટ ગુમાવ્યા વગર ૧૧૧ રન બનાવ્યા હતા.

## બલૂચ વિદ્રાહીઓના હુમલામાં પાક.ના ૧૦૦ સૈનિકોનાં મોત


**પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં વિદ્રોહની આગ વધુ ભડકી : બીજી તરફ પાકિસ્તાનની સેનાએ દાવો કર્યો છે કે, હુમલાને નિષ્ફળ બનાવાયો છે અને ૪ આતંકીને મારવામાં આવ્યા છે**

ઈસ્લામાબાદ, તા.૩

પાકિસ્તાનના અશાંત પ્રાંત બલુચિસ્તામાં વિદ્રોહની આગ વધારેને વધારે ભડકી રહી છે. બલૂચ વિદ્રોહીએએ ગઈકાલે પાકિસ્તાનની સેના પર ભીષણ હુમલો કર્યો હતો.તેમણે દાવો કર્યો છે કે, આ હુમલામાં ૧૦૦ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા છે.બીજી તરફ પાકિસ્તાનની સેનાએ દાવો કર્યો છે કે,હુમલાને નિષ્ફળ બનાવાયો છે અને ચાર આતંકીઓને મારવામાં આવ્યા છે.પાકિસ્તાની સેનાનુ કહેવુ છે કે, અમારા એક જ સૈનિકનુ મોત થયુ છે.

જોકે પાકિસ્તાનનો દાવો શંકાસ્પદ હોઈ શકે છે.કારણકે આ પહેલાની ઘટનામાં બલૂચ વિદ્રોહીઓએ ૧૦ પાક સૈનિકોને મારીનાંખ્યા હતા અને ૩૦ કલાક બાદ પાક સેનાએ આ દાવો સ્વીકાર્યો હતો.

દરમિયાન ગઈકાલના હતો.પાકિસ્તાને સમયસર કાર્યવાહી કરી હતી અને બલૂચ વિદ્રોહીઓને પાછા હટવુ પડયુ હતુ.



હુમલાને લઈને પાક સેનાએ કહ્યુ છે કે, બલૂચ બળવાખોરોનો હુમલો પાક સેનાએ નિષ્ફળ બનાવીને વિદ્રોહીઓને નુકાસન પહોંચાડ્યુ છે.તેમણે સુરક્ષાદળોના કેમ્પમાં ઘુસવાનો પ્રયાસ કર્યો

બલૂચિસ્તાન લિબરેશન આર્મીએ હુમલાની જવાબદારી લઈને કહ્યુ છે કે, અમે ૧૦૦ પાક સૈનિકોને મારી નાંખ્યા છે.અમારા હુમલામાં પાક સેનાની છાવણી તબાહ થઈ ગઈ છે.

## દેશમાં એક લાખ ૭૨ હજાર કોરોનાના કેસ નોંધાયા

નવી દિલ્હી,તા.૩

ગઈકાલની તુલનામાં આજે દેશમાં જીવલેણ કોરોનાવાયરસ રોગચાળાના કેસોમાં વધારો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના એક લાખ ૭૨ હજાર ૪૩૩ નવા કેસ નોંધાયા છે અને ૧૦૦૮ લોકોના મોત થયા છે. ગઈકાલની સરખામણીમાં આજે કોરોનાના ૬.૮ ટકા વધુ કેસ સામે આવ્યા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર, હવે દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૧૫ લાખ ૩૩ હજાર ૯૨૧ થઈ ગઈ છે. તે જ સમયે, આ રોગચાળાને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૪ લાખ ૯૮ હજાર ૯૮૩ થઈ ગઈ છે. માહિતી અનુસાર, ગઈકાલે બે લાખ ૮૧ હજાર ૧૦૯ લોકો સાજા થયા હતા, ત્યારબાદ અત્યાર સુધીમાં ૩ કરોડ ૯૭ લાખ ૭૦ હજાર ૪૧૪ લોકો ચેપ મુક્ત થઈ ગયા છે.




**બેસણું**

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પરમ પૂજ્ય વડીલ

**જસવંતભાઈ કાંતિલાલ પટેલ**

(જે.કે. માહિતી વિભાગ)(માઢીયા)

તા.૦૧-૦૨-૨૦૨૨ ના રોજ સ્વર્ગવાસી થયા છે.

સદ્‌ગતનું બેસણું તા.૦૪-૦૨-૨૦૨૨ ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં.૩૨૨/૧, સેક્ટર-૮/બી, ગાંધીનગર.**

લિ.

નિલેશ જસવંતભાઈ પટેલ (મો.૯૯૯૮૮ ૨૩૧૩૫)
મૃગેશ જસવંતભાઈ પટેલ (મો.૯૧૦૪૩ ૧૮૬૨૪)
જીજ્ઞાશા હિતેશકુમાર પટેલ

ચંદ્રકાંતભાઈ કાંતિલાલ પટેલ (મો.૯૮૨૪૦ ૧૩૫૫૩)
નવીનભાઈ કાંતિલાલ પટેલ (મો.૯૮૨૪૨ ૪૩૫૦૫)

!! જય શ્રી કૃષ્ણ !!

